**CCNO-1960-1998**

**-: આંક:૧ અરજી લગત હુકમ :-**

આ કામે કેસનું રેકર્ડ અને રોજકામ જોતાં સદર કામ સને: ૧૯૯૮ નું છે,અને છેલ્લા ઘણા લાંબા સમય થી કામ પ્રોસેસ માટે પેન્ડીંગ છે.રેકર્ડ ઉપરથી જણાય છે કે ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી પણ ઘણા સમયથી હાજર રહેતા નથી.ફરિયાદીને કરેલ નોટીસો પણ બજે કે વગર બજે પરત આવતી નથી.

ફરિયાદીની સતત ગેરહાજરી ના કારણે તેમજ પ્રોસેસ/આરોપીનું ચોકકસ સરનામું રજુ નહીં કરવાના કારણે કેસ બીનજરૂરી લંબાયેલ છે.આમ,આ કામે ફરિયાદીને સદર કામ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવું જણાતું નથી.આથી ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ:૨૫૬(૧) તથા તેની સાથે સંહિતાની કલમ:૨૦૪(૪) ની જોગવાઈઓ ધ્યાને લેતાં અને આ બાબતે ના.ગુજરાત હાઈકોર્ટનો**ક્રિમીનલ અપીલ નં.૨૪૦૬/૨૦૦૯**નો ચુકાદોતથા ના.સર્વોચ્ચ અદાલત નો **ક્રિમીનલ અપીલ નં.૭૫૫/૨૦૦૮** નો ચુકાદો ધ્યાને લેતાં જયારે ફરિયાદી પોતાની ફરિયાદ બાબતે સજાગ ન હોય અને સતત ગેરહાજર રહેતા હોય કે પુરાવો રજુ કરતા ન હોય કે પ્રોસેસ ફી કે આરોપીનું સરનામું રજુ કરવા માટે ફરિયાદીને પુરતી અને વ્યાજબી તક આપવા છતાં તેઓ સદંતર નિષ્ફળ નિવડેલ હોય કે ફરિયાદી કેસની આગળની કાર્યવાહી માટે જરૂરી પગલા લેતા ન હોય,ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ:૨૫૬(૧) સાથે વાંચતા કલમ:૨૦૪(૪) ની જોગવાઈ મુજબ અદાલત ફરિયાદ રદ કરી શકે છે.

હાથ ઉપરના કેસમાં પણ ઉપરોકત સિધ્ધાંત લાગુ પાડી શકાય તેમ છે,અને તેથી ઉપરોકત જોગવાઈ મુજબ ફરિયાદીની સદંતર ગેરહાજરીના કારણે અને કેસમાં આગળની કોઈ કાર્યવાહી ન કરવાના કારણે સદર ફરિયાદ રદ કરવા માટેના વ્યાજબી અને પુરતા કારણો જણાઈ આવતા હોય અને ફરિયાદીને હાલનો કેસ આગળ ચલાવવામાં કોઈ રસ હોય તેવું જણાતું ન હોય,સદર ફરિયાદને રદ કરતો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**આખરી હુકમ**

ફરિયાદીની ફરિયાદ તેઓની સતત ગેરહાજરીના કારણે અને આગળની કાર્યવાહી કરવા માટે જરૂરી પગલા નહીં ભરવાના કારણે ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ:૨૫૬(૧) સાથે વાંચતા કલમ:૨૦૪(૪) ની જોગવાઈ વંચાણે લેતાં ફરિયાદ રદ કરવામાં આવે છે,અને આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

મુ:અમદાવાદ.
તારીખ:-12/11/2022

હાર્દિક ભરતભાઇ ત્રિવેદી
10 માં અધિક જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર
**Judge Code-GJ01536**